# કોંગ્રેસ અને ભાજપમાં ડેમેજ કંટ્રોલની કામગીરી પુરજોશમાં

## સંભવિત દાવેદારોને મનાવી લેવા બંને પક્ષોમાં દોડધામ : કેટલાક રડી પડ્યા અને કેટલાકે જોઈ લેવાની ધમકી આપી અને કેટલાકે હિસાબ ચુકતે કરવાની લાગણી વ્યક્ત કરી

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

ચાલો જીતવા જંગ બ્યુગલો વાગે... ૩૨ બેઠકોના મહાસંગ્રામમાં ૧૭૧ લડવૈયાઓ મેદાનમાં ઉતર્યા છે. સોમવારે ઉમેદવારી પત્રકોની ચકાસણી થશે અને મંગળવારે ઉમેદવારીપત્રો પરત ખેંચાશે, એટલે મહાસંગ્રામનું ચિત્ર સંપૂર્ણ સ્પષ્ટ બનશે. લગભગ સ્પષ્ટ તો બની જ ગયુ છે, પરંતુ દરેક વોર્ડમાં નડતા અડતા ઉમેદવારોને પાછા ખેંચાવાની પ્રક્રિયા ચાલી રહી છે. ગઈકાલે ઉમેદવારોની સત્તાવાર જાહેરાત અને ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયાની સાથે સાથે બંને પક્ષોનાા દરેક વોર્ડમાં કેટલાય કાર્યકરોએ નારાજગી વ્યક્ત કરી હોવાના અહેવાલો ચર્ચાયા હતા.

ભાજપમાં દાવેદારોની સંખ્યા વધુ હોવાથી નારાજ થનારા દાવેદારોની સંખ્યા પણ વધુ જ હતી. રવિવારનો દિવસ ડેમેજ કંટ્રોલની પ્રક્રિયામાં પસાર થયો. ભાજપમાં કાર્યકરોને મનાવી લેવાના શહેરના અગ્રણીઓ દ્વારા ભરપુર પ્રયાસો ચાલી રહ્યા છે. નારાજ કાર્યકરોનો આક્રોશ સાંભળવો પડ્યો હતો. વોર્ડ નં. ૧ માં જાગૃતિબેન પુરોહિત, ઉરેન પટેલ, કિર્તીભાઈ પટેલ, સુનિલ ત્રિવેદી અને વિજયભાઈ પટેલ જેવા કાર્યકોરની નારાજગી સાંભળવી પડી હતી. વોર્ડ નં. ૨માં યુવા અગ્રણી પદમસિંહ ચૌહાણની અપેક્ષા હતી એટલે સ્વાભાવિક નારાજગી વ્યક્ત થાય. વોર્ડ નં. ૩માં લગભગ કેટલાય દિવસ પહેલા પેનલ નિશ્ચિત બની ગઈ હતી એટલે અહી નારાજગી હતી જ નહી. જ્યારે વોર્ડ નં. ૪માં સિટિંગ કોર્પોરેટર અને ભાજપના પૂર્વ પ્રમુખ સુરેશભાઈ મહેતાને ટિકિટ ન અપાતા ભારે નારાજગી ચાલી રહી છે. મહિલા અગ્રણી કૈલાશબેન લખવારાની નારાજગી પણ ભાજપ વર્તુળોમાં વ્યક્ત થતી હતી. વોર્ડ નં. ૫ના બે ઉમેદવારો મામલે શુક્રવારે સાંજે ઉગ્ર ચર્ચાઓ અને દેખાવો થતા એક ઉમેદવાર અમૃતભાઈ દેસાઈની જગ્યાએ કનુભાઈ દેસાનું નામ જાહેર કરાયું. જો કે ત્યાં પણ રાજુભાઈ દેસાઈ અને અમૃતભાઈ દેસાઈની નારાજગી છાની રહી શકે તેમ નથી. વોર્ડ નં. ૬માં શનિવારે વહેલી સવારે ઉમેદવારોની જાહેરાત સત્તાવાર રીતે થઈ. ભાજપની આંતરિક નારાજગી દેખાઈ આવતી હતી. જીજ્ઞેશભાઈ જોષી અને વિજયભાઈ પટેલની નારાજગી ભાજપના વર્તુળોમાં ઉપસી આવે છે. વોર્ડ નં. ૭માં ભાજપની આખી વોર્ડ સમિતિ નારાજ હોવાનું ચર્ચાય છે. સિટિંગ કોર્પોરેટરો રાકેશભાઈ પટેલ, પરાગીબેન પંડ્યા અને શંકરભાઈ ચૌધરીએ પુનઃ ટિકિટ ન અપાતા ભારે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. આ ઉપરાંત વિનાયક પટેલ, બિપિનભાઈ રાવલ જેવા વરિષ્ટ અગ્રણીઓને ટિકિટ ન અપાતા તેમની નારાજગી પણ દેખાઈ આવતી હતી. જ્યારે વોર્ડ નં. ૮માં દાવેદારો હતા પણ પેનલ નિશ્ચિત હોવાથી રોષ-આક્રોશ હતો નહી.

જ્યારે કોંગ્રેસમાં પણ પાયાના કાર્યકરોમાં કેટલાક વોર્ડમાં અન્યાય થયો હોવાની લાગણી પ્રવર્તે છે. પરંતુ રવિવારે અગ્રણીઓ ડેમેજ કંટ્રોલની પ્રક્રિયામાં વ્યસ્ત રહ્યા હતા. વોર્ડ નં. ૧માં સમીરભાઈ ત્રિવેદીને ટિકિટ ન અપાતા જીઆઈડીસી વિસ્તારમાં નારાજગી દેખાઈ આવતી હતી. કોંગ્રેસ વોર્ડ નં. ૨માં ભારે ખેંચતાણ બાદ પણ પેનલ ગોઠવી શકી એટલે કોઈ કકળાટ બહાર ન આવ્યો. જ્યારે વોર્ડ નં. ૩માં છેલ્લા ૧૫ દિવસથી ઉમેદવારોના નામ નિશ્ચિત હોવાથી ત્યાં પણ કોઈ ફરિયાદ ઉઠી ન હતી. વોર્ડ નં. ૪માં અનામત બેઠકોના નામો સંદર્ભે થોડીક ખેંચતાણ હતી. આમ છતાં પ્રમાણમાં શાંતિપૂર્ણ રીતે સૌ કામે લાગશે એમ દેખાય છે. વોર્ડ નં. ૫માં સિટિંગ કોર્પોરેટર અશોક શ્રીમાળીને પુનઃ ટિકિટ ન અપાતા ભારે આક્રોશનો સામનો મોવડીમંડળને કરવો પડ્યો હતો. વોર્ડ નં. ૬માં કોંગ્રેસના દાવેદારો પંકજભાઈ પટેલ અને ભાનુબેન રોહિત જેવા અગ્રણીઓ ટિકિટ ન અપાતા ભારે રોષનો સામનો કોંગ્રેસને કરવો પડ્યો હતો. વોર્ડ નં. ૬ના ઉમેદવારોની પસંદગી બાબતે હજુ પણ કાર્યકરોમાં ચણભણાટ છે. વોર્ડ નં. ૭માં કોંગ્રેસમાં ખુબ મોટી સ્પર્ધા ન હતી. આમ છતાં બે એક ઉમેદવારોના મામલે મામલો ગોઠવાતો ન હતો. છેલ્લી ઘડીએ સમાધાનની ફોર્મ્યુલાથી પેનલ ગોઠવાઈ હોવાના અહેવાલો છે. વોર્ડ નં. ૮માં કોંગ્રેસમાં સ્પર્ધા ન હતી પરંતુ ભાજપની મજબુત પેનલ સામે શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ પટેલને મેદાનમાં ઉતારી જંગને રસપ્રદ બનાવાયો છે. આમ બંને પક્ષોમાં કકળાટ વત્તા ઓછા પ્રમાણમાં છે તો ખરો જ અને સમય જ આનો ઉપાય છે. એકાદ-બે દિવસમાં રીસાયેલા કાર્યકરોને મનાવી કામે લગાવી દેવાશે એવો વિશ્વાસ અગ્રણીઓ વ્યક્ત કરી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મત અમને આપજો... અમારી પાર્ટી લીમીટમાં જ તમારો વિકાસ કરશે... બસ...!!

## સેક્ટર-૩માં રહેતી પરિણીતાએ સાસરીયાઓ સામે નોંધાવી ફરીયાદ

ગાંધીનગર શહેરના સેક્ટર-૩-સી ખાતે રહેતી પરિણીતા ભુમિકા મગનલાલ દુલેરાએ સેક્ટર-૭ પોલીસ મથકમાં સાસરીયાઓ શારીરિક માનસિક ત્રાસ આપી મારઝુડ કરીને દહેજ માંગતા હોવાની ફરિયાદ નોંધાવી છે. જેન આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ એસ.એમ. ચૌધરીએ વધુ તપાસ શરુ કરી છે.

સેક્ટર-૩-સી પ્લોટ નં. ૫૬૬/૨ ખાતે રહેતી ભુમિકા મગનલાલ દુલેરાએ નોંધવેલી ફરિયાદ મુજબ ચાંદખેડા રહેતા તેમના પતિ અલ્પેશ અમૃતલાલ આનંદ, સસરા અમૃતલાલ આનંદ અને નણંદ જીગ્નાશા ત્રણેય મળીને ભુમિકાને ચાર વર્ષથી શારીરિક માનસિક ત્રાસ આપે છે. રૂ. ૫ લાખની માંગણી કરીને દહેજ માંગી મારઝુડ કરતા હોવાનો આક્ષેપ ફરિયાદમાં કર્યો છે. ગાંધીનગર કોર્ટના દરવાજા પાસે પણ માથાકુટ થવા પામી હતી. ભુમિકા દુલેરાની ફરિયાદ લઈ સે-૭ પોલીસે કલમ ૩૨૩, ૪૯૮ (ક), ૧૧૪ અને દહેજ પ્રતિબંધક ધારા મુજબ ગુનો દાખલ કરી આરોપી પતિ, સસરા અને નણંદની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. પીએસઆઈ એસ.એમ. ચૌધરીએ ગુનાની તપાસ આરંભી છે.

## બાળલગ્ન પ્રથાની ભોગ બની રહેલ સગીરાને અભયમ્ ટીમે બચાવી

### ધો-૧૦માં ૮૮ ટકા મેળવનાર તેજસ્વી દિકરીને માત્ર ૧૭ વર્ષની ઉંમરે પરિવારજનો પરણાવી દેવા માંગતા હતા : વધુ અભ્યાસ કરવા માંગતી દિકરી કુટુંબીજનોના ડરથી ભયભીત : અભયમ્ ટીમની સમય સૂચકતાએ પરિવારજનોની આંખો ખોલી

ગાંધીનગર, તા.૧૦

હજુ પણ સમાજમાં બાળ લગ્નની બદી સંપૂર્ણપણે નાબૂદ થઈ નથી અને અનેક બાળકોના ભવિષ્યને લગ્નની વેદી પર આહુતિએ ચડાવી રહી છે. ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં પણ આજ પ્રથાનો શિકાર બની રહેલ એક સગીરાને અભયમ્ હેલ્પલાઈનની ટીમે સમયસર બચાવી લીધી છે એટલું નહીં પરંતુ તેના પરિવારજનોને સમજાવી દિકરીના લગ્ન કાચી ઉંમરે નહી કરાવવા તથા તેની વધુ અભ્યાસની અભિલાષા પૂરી કરવા સંમત કર્યા છે.

ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ૮૮ ટકા સાથે ઉત્તીર્ણ થનાર વાવોલની તેજસ્વી દિકરીને સમાજની કહેવાતી રૂઢિના આધારે પરણાવી દેવાની ફિરાકમાં પડેલ એક પરિવારના હાથમાંથી અભયમ્ હેલ્પલાઈન નં. ૧૮૧ની રેસ્કયુ ટીમે બચાવી છે. જયારે બચાવ ટીમ તે પરિવારના ઘરે પહોંચી ત્યારે તપાસ કરતા ખબર પડી કે જે દિકરી હજુ માત્ર ૧૭ વર્ષની છે અને કાયદા અનુસાર તેના લગ્ન કરાવવા એક ગુનો છે તેને તેની ઈચ્છા વિરૂધ્ધ પરણાવવાની તૈયારી હાથ ધરાઈ હતી અને કંકોત્રી સુધ્ધા છપાઈ ચુકી હતી. બોર્ડની પરીક્ષામાં યશસ્વી પરિણામ મેળવનાર દિકરીને હજુ વધુ અભ્યાસની તીવ્ર ખેવના હતી પરંતુ કુટુંબના ડરથી થરથર કાંપતી હતી. તેને બીક હતી કે તેના પરિવારજનો લગ્ન નહીં કરે તો તેને મારી નાંખશે. આ પરિસ્થિતિમાં ૧૮૧ની ટીમ તેની વ્હારે આવી હતી.

● અનુસંધાન પાના - ૭ પર

## ડે. સેકશન અધિકારી અને ડે. મામલતદારના પરિણામ સામે ઉમેદવારો હાઈકોર્ટના દ્વાર ખખડાવશે

ગાંધીનગર, તા.૧૦

નાયબ મામલતદાર અને નાયબ સેકશન અધિકારીની ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલી પ્રિલિમ પરિક્ષાના પ્રસિધ્ધ કરાયેલા પરિણામને લઈને ઉમેદવારોમાં રોષ ફાટી નીકળ્યો છે. ત્યારે આજે ગાંધીનગર શહેરના ટાઉનહોલની પાસે ખુલ્લા મેદાનમાં સાંજે ૫ કલાકે ૨૦૦ ઉમેદવારોની મળેલી એક બેઠકમાં જીપીએસસી માં આવેદન પત્ર પાઠવવામાં આવશે તેમજ યોગ્ય સમયમાં આ પરિણામ અંગે નિવેડો નહીં આવે તો હાઈકોર્ટના દ્વાર ખખડાવવાનો ઉમેદવારોએ નક્કી કર્યુ છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અને નાયબ મામલતદારની કુલ-૭૩૩ જગ્યાઓ માટે તાજેતરમાં પરિક્ષા લેવામાં આવી હતી. રાજયભરમાંથી અંદાજે ૫ લાખથી વધુ ઉમેદવારોએ પરિક્ષા આપી હતી. ગુજરાત ગૌણ સેવા આયોગ દ્વારા પરિક્ષા લેવામાં આવી હતી જેમાં ૧૦૦ પ્રશ્નો પુછાયા હતા અને ૬૦ મીનીટનું પેપર હતું. પરિક્ષામાં પુછાયેલા ૧૦૦ પ્રશ્નોમાંથી ૧૨ પ્રશ્નો ભુલવાળા હોવાથી ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રદ કરવામાં આવ્યા હતા.તાજેતરમાં આ પરિક્ષાનું પરિણામ જાહેર થયુ છે પરિણામ

● અનુસંધાન પાના - ૭ પર

## ખ-માર્ગ પર અકસ્માતના બનાવમાં વધારો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના ખ માર્ગ પર અકસ્માતના બનાવમાં વધારો થવા પામ્યો છે. ખ માર્ગ નું કામ ચાલતુ હોવાથી વન વે માર્ગ હાઈવે બની જવા પામ્યો છે જેને પરિણામે વાહનો સામસામે ટકરાવાના બનાવ વધી જવા પામ્યા છે. ખ માર્ગ પર વાહનોનું ભારણ વધુ રહે છે આંતરે દિવસે માર્ગ અકસ્માતો થાય છે ત્યારે માર્ગનું કામ તંત્ર દ્વારા ઝડપી પુરુ થાય તેમ સ્થાનિક રહીશો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર શહેરના માર્ગો પર અકસ્માતના બનાવોમાં ચિંતાજનક વધારો થવા પામ્યો છે. ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરના પહોળા અને ચકાચક માર્ગો પર બેફામ સ્પીડે ગાડી હંકારતા વાહન ચાલકો સામાન્ય ગફલતથી અકસ્માત નોંતરી દે છે. શહેરનો ખ માર્ગ ફોરલેન હતો અને તેને હવે સીકસલેન કરવાનું કામ શરુ છે. ત્યારે સરગાસણ ચોકડીની આસપાસનો વિસ્તાર પણ વિકાસ પામતા અઢળક મકાનો તૈયાર થઈ ગયા છે. જેમાં હજ્જારો લોકો વસવાટ કરે છે. સરગાસણ વિસ્તારના રહિશો શહેરમાં પ્રવેશવા માટે ખ માર્ગ નો વધુ ઉપયોગ કરે છે. સરખેજ તરફના માર્ગ પરથી આવતા લોકો તેમજ અન્ય શહેરમાંથી ગાંધીનગરમાં આવતા વાહનચાલકો શહેરમાં પ્રવેશ માટેની એન્ટ્રી હોવાથી ખ માર્ગનો ઉપયોગ કરતા હોય છે. ખ માર્ગ ફોરલેન હતો પરંતુ તંત્ર દ્વારા હવે સીકસલેનનું કામ ચાલું છે. જેને પરિણામે ખ માર્ગ અત્યારે હાલના

● અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે ખાંચરેથી...

● પ્રાથમિક શાળાના શિક્ષકોની ઓન-લાઈન બદલી અંગે આજે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા સંપન્ન થયા બાદ કેટલાક સેકટરોમાં તો ઉમેદવારોએ પ્રચાર કાર્ય પણ પ્રારંભી દીધુ છે.

● મનપાની ચૂંટણી માટે રાજય મંત્રીમંડળના કેટલાક મંત્રીઓને ખાસ જવાબદારી પણ સોંપવામાં આવનાર છે.

● મનપાની ચૂંટણી ગરમીના દિવસોમાં હોવાથી ઉમેદવારો પ્રચાર અભિયાનમાં ડોર ટુ ડોર પ્રચાર અભિયાન પર વિશેષ ભાર મુકશે.

● વોર્ડ નં. ૩ના ત્રણ મહિલા ઉમેદવારો સે. ૨૨ના આનંદવાટિકા વિસ્તારમાં જ રહે છે તેથી અહિ સૌથી વધુ રાજકીય ઉત્તેજના આ વોર્ડમાં જોવા મળી રહી છે.

# ગાંધીનગરની સ્માર્ટ પોલીસ : મીસ્ટર, દંડ ભરી જશો નહીં તો જેલની હવા ખાવા તૈયાર રહેજો

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત



ગાંધીનગરની ટ્રાફિક પોલીસ ઈન્ટેલિજન્ટ બની ચૂકી છે. એક તરફ હેલ્મેટ વિનાના વાહનોને રોકી દંડ વસૂલ કરે છે બીજી તરફ સીટ બેલ્ટ બાંધ્યા વિના કાર ચલાવનારા ચાલકોને ઘરે મેમો પકડાવે છે. વિદેશની જેમ હવે પોલીસ કર્મચારી ઘરની બેલ વગાડે છે અને હાથમાં એક નોટીસ પકડાવે છે અને કહે છે ભાઈ, પોલીસ સ્ટેશન આવીને દંડની આ રકમ ભરી જશો નહીં તો જેલની હવા ખાવી પડશે. ગાંધીનગર પોલીસે સિટી સર્વેલન્સ એન્ડ ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મોનિટરીંગ સિસ્ટમ કાર્યરત કરતાં વાહન ચાલકને સીસીટીવી ફૂટેજના આધારે ઘેરબેઠાં મેમો પકડાવવામાં આવે છે. કારમાં સીટબેલ્ટ ન બાંધ્યો હોય તો મેમોમાં ૧૦૦ રૂપિયા ભરવાનો ઉલ્લેખ છે અને કહેવાયું છે કે આ દંડ નહીં ભરવામાં આવે તો ૫૦૦ રૂપિયાનો દંડ અથવા એક માસની સાદી જેલની સજા અને તે પછીના ગુના માટે ત્રણ માસની કેદ અથવા ૧૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. ટ્રાફિક ચલણમાં કાર ચાલક દેખાય તે રીતે કારનો ફોટો, સ્થળ અને સમય દર્શાવવામાં આવે છે. વાહ રે!! ગાંધીનગરની સ્માર્ટ પોલીસને સલામ છે...!! જાગ્યા ત્યાંથી સવાર...

**● પાવર ઓફ પાટીદાર- સરકારને ટેન્શન ...**

પાટીદાર અનામત આંદોલનથી ગુજરાત સરકારને હલબલાવી મૂકનાર અને હાલ જેલયુક્ત હાર્દિક પટેલના જાહેર જીવન પર એક ફિલ્મ બની રહી છે જેનું શૂટીંગ રવિવારથી શરૂ થયું છે. આ ફિલ્મ પાટીદાર અનામત આંદોલનને વાચા આપે છે. ‘‘પાવર ઓફ પાટીદાર’’ નામની આ ફિલ્મમાં રેશ્મા પટેલ કે જેણે હાર્દિકને પાટીદારોના દિલમાં જીવંત રાખ્યો છે તેનું પાત્ર પણ છે. એક કરોડના ખર્ચે તૈયાર થનારી આ ફિલ્મના પ્રોડ્યુસર દિપક સોની છે. તેઓ કહે છે કે પાટીદાર અનામત આંદોલનની ભૂમિકા અને એક પછી એક બનેલા હકીકતના દ્રષ્યો મેં જોયા છે તેથી આ ફિલ્મમાં મેં જાન રેડીને મહેનત કરી છે. ફિલ્મના તમામ ગીતોના રાઈટ્સ શહીદ પાટીદાર યુવાન અને પોલીસને આપવામાં આવ્યા છે. હાર્દિકનો રોલ બોલી દવે કરે છે. ફિલ્મમાં લવસ્ટોરી છે. દેશભક્તિ છે. અનામત આંદોલનની ચળવળ છે. પાટીદારોને સુરાતન ચઢે તેવું ટાઈટલ સોંગ પણ છે. ગુજરાતમાં અનામત આંદોલન સંદર્ભની કદાચ આ પહેલી ફિલ્મ હશે જે વિધાનસભાની ચૂંટણી સમયે જ રજૂ થવાની હોવાથી સરકારને અત્યાર થી જ ટેન્શન શરૂ થયું છે.

**RTI - કાયદો બુઠ્ઠો થઈ રહ્યો છે, કોઈ તો સરકારને ફિડમની સમજ આપો**

**● RTI માં હવે સરકારનું પ્રભુત્વ, અરજદારનું નહીં...**

ભારતમાં રાઈટ ટુ ઈન્ફર્મેશનનો કાયદો મજાક બની રહ્યો છે. માહિતી નહીં આપવાનું પ્રમાણ વધી રહ્યું છે. સામાન્ય નાગરિકો તરફથી માગવામાં આવતી માહિતી અપૂરતી અથવા તો પૂછેલા પ્રશ્નને અનુરૂપ નહીં હોવાથી અપીલ કરવાનું પ્રમાણ પણ વધતું ગયું છે. સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનમાં આરટીઆઈ અરજી રદ કરવાનું પ્રમાણ ૮.૪૦ ટકા થયું છે જે અગાઉ ક્યારેય ન હતું, જ્યારે ગુજરાતમાં અરજીઓ નહીં સ્વિકારવાનું પ્રમાણ ૨.૯૩ ટકા થયું છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશનમાં આરટીઆઈની ૭,૫૫,૨૪૭ અરજીઓ મળી હતી જે પૈકી ૬૩,૪૨૦ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે. અરજીઓ રિજેક્ટ કરવાની ટકાવારી સૌથી વધુ ૮.૪૦ ટકા થવા જાય છે. બીજી તરફ આરટીઆઈ કરવાની સંખ્યા પણ વધતી જાય છે. ૨૦૦૭-૦૮માં વર્ષ દરમ્યાન ૨,૬૩,૨૬૧ અરજીઓ સીઆઈસીને મળી હતી જેની સંખ્યા ૨૦૧૩-૧૪માં વધીને ૮,૩૪,૧૮૩ થવા જાય છે.

**પાટીદાર અનામતની ફિલ્મ ભાજપ સરકાર માટે જોખમ બની શકે છે !!**

**● મોબાઇલ ચોરી નિરર્થક છે, ચોરબાબુ સાવધાન**

કોઈનો મોબાઈલ ચોરવો હવે બહુ કઠીન કામ છે, કારણ કે ચોરાયેલો મોબાઈલ એક્ટિવ કરવો એ ચોર માટે ગુનો બની જાય છે. તે તરત જ પોલીસના હાથે ઝડપાઈ જાય છે. ખબરદાર... ચોરબાબુ, કોઈનો મોબાઈલ ચોરતા નહીં, નહીં તો જેલની હવા ખાવી પડશે. રાજ્યના ગૃહ વિભાગે આપેલા આંકડા પ્રમાણે અમદાવાદમાં ૨૦૧૩ના વર્ષમાં વિવિધ વિસ્તારોમાંથી ૯૬ મોબાઈલ ચોરાયા હતા પરંતુ પોલીસે કુનેહ વાપરી ૮૩ મોબાઈલ પરત મેળવ્યા છે. ૨૦૧૪માં અમદાવાદ જેવા મેટ્રો શહેરમાંથી ૧૪૫ મોબાઈલ ચોરાયાની ફરિયાદ નોંધવામાં આવી હતી પરંતુ પોલીસે ૧૧૯ કિસ્સામાં મોબાઈલ લોકેટ કરી દીધા હતા. અમદાવાદના ૪૭ પોલીસ મથક એરિયામાં મણીનગર અને રામોલ વિસ્તાર એવા છે કે જ્યાંથી સૌથી વધુ મોબાઈલ ફોન ચોરી થયા હતા અને મળી પણ ગયા છે.

**● નહેરો માટે જમીન આપો- નિગમની લાચારી**

નર્મદા નિગમમાં મહત્વનું કામ જમીન સંપાદનનું છે. કેનાલો માટેની જમીન એક્વાયર કરવા નિગમને આંખે પાણી આવી જાય છે. નિગમના અધિકારીઓ સપ્તાહમાં બે દિવસ તો વિવિધ અદાલતોમાં ચક્કર કાપીને તેમનો કિમતી સમય ગુમાવે છે. નિગમના સૂત્રો કહે છે કે નર્મદા નિગમમાં વિવિધ જમીન એક્વાયર કરવા સામે ૧૨૨૦૮ કેસો વિવિધ કોર્ટમાં પેન્ડીંગ છે. જમીન સંપાદન સિવાયના અન્ય કેસોની સંખ્યા પણ ૫૭૭ છે જે પૈકી પાંચ વર્ષ સુધીના કેસો ૯૫ અને ૬ થી ૧૦ વર્ષ સુધીના કેસોની સંખ્યા ૧૩૭ છે, જ્યારે ૧૦ વર્ષ કરતાં જૂના કેસોની સંખ્યા ૩૪૫ થવા જાય છે. પડતર કેસોના નિકાલ માટે નર્મદા નિગમે ભારે કિંમત ચૂકવવી પડે છે. આ આપણા ગુજરાતની કઠીનાઈ કહી શકાય, કારણ કે નર્મદા યોજના ઝડપથી પૂર્ણ થાય તો તેમાં કોઈ ચોક્કસ વર્ગનું નહીં સમગ્ર જનસમુદાયનું ભલું થવાનું છે.

**● સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં ૩૫૦ કરોડ ખર્ચાઇ ગયા**

ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટર વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા અને રાષ્ટ્રીય સ્મારક બનાવવાની કામગીરી સરકારે શરૂ કરી છે. આ પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં ૩૫૦ કરોડનો ખર્ચ કરી દેવામાં આવ્યો છે. નર્મદા નદીમાં કેવડીયાની નજીક બની રહેલા સ્મારક માટે ૪૫૦૦ ધનમીટરના ફાઉન્ડેશનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પાછળ ૩૦૦૦ કરોડનો ખર્ચ થવાનો છે. નર્મદા નિગમના સૂત્રોએ જણાવ્યું હતું કે સ્ટેચ્યુ ઓફ યુનિટીના બાંધકામ સાથે આ વિસ્તારનો પ્રવાસન સ્થળ તરીકે ઉપયોગ થવાનો હોવાથી સરદાર સરોવર બંધ થી ગરૂડેશ્વર સુધીના ૧૦ કિલોમીટરના માર્ગને વેલી ઓફ ફ્લાવર્સ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ પ્રોજેક્ટ સુધી જવા માટે રાજપીપળા-દેવળીયા માર્ગને ફોરલેન કરી સંખેડા-નસવાડી-તણખલા અને ડભોઈ-રાજપીપળા રેલ્વેલાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવી રહી છે.

**કોઈના મોબાઈલ ફોન ચોરવા કઠીન છે, પોલીસ તુરંત શોધી આપે છે**

**● ST : ૨૮ લાખ કિલોમીટર રોજની સફર**

ગુજરાતની એસટી બસ એક ઈતિહાસ છે. રાજ્યના ૯૮ ટકા ગામડા કવર કરતી એસટી બસની સફર અત્યંત રોમાંચક છે. હાલની સ્થિતિએ રાજ્યની સડકો પર ૮૦૯૮ બસો દોડી રહી છે અને તે રોજનું ૨૮ લાખ કિલોમીટર અંતર કાપી ૨૩ લાખ પેસેન્જરોને સેવા આપે છે. ગુજરાત પાસે ૭૧૫ સેમી લકઝરી અને ૧૩૬ સ્લીપર કોચ બસો છે. વોલ્વોની સંખ્યા ૩૦ થવા જાય છે. એસટી નિગમના સૂત્રો કહે છે કે રાજ્યભરમાં એસટીના ૧૩૮ બસસ્ટેશન બનાવવામાં આવેલા છે. એસટીના મુસાફરોને એરપોર્ટ જેવો અનુભવ થાય તે માટે કુલ છ બસસ્ટેશન પીપીપી મોડથી બનાવવામાં આવી રહ્યાં છે જેમાંથી વડોદરાના બે અને અમદાવાદનું એક બસસ્ટેશન પૂર્ણ થયું છે. જિલ્લાઓના બીજા ૧૫ બસસ્ટેશનને પીપીપી મોડમાં લેવામાં આવ્યા છે.

**● પંચાયત વિભાગમાં હેલ્થવર્કરો જ નથી**

ગુજરાતના આરોગ્ય વિભાગની કઠણાઈ એવી છે કે ડોક્ટર સહિતના સ્ટાફની બહુ મોટી અછત છે. પીએચસી અને સીએચસીમાં ડોક્ટરોના ઠેકાણાં નથી. પાંચ વર્ષમાં ૪૫૦૦થી વધારે ડોક્ટરો તૈયાર થયા છે પરંતુ ગામડામાં પ્રેક્ટિસ કરવા જવા કોઈ તૈયાર નથી. માત્ર ૫૩૦ ડોક્ટરોએ ગામડાની આરોગ્ય સેવાઓ સ્વિકારી છે. ડોક્ટરોની જેમ નર્સની પણ કમી મહેસૂસ થઈ રહી છે. એ જ પ્રમાણે પંચાયત વિભાગમાં હેલ્થ વર્કરોની મોટી અછત વર્તાઈ છે. મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરોના મહેકમની સંખ્યા રાજ્યભરમાં ૮૬૭૮ નક્કી કરવામાં આવેલી છે પરંતુ ૨૧૬૭ જગ્યાઓ ખાલી પડી છે. એવી જ રીતે ફિમેલ હેલ્થ વર્કરોનું મહેકમ ૯૩૯૦ નક્કી કરવામાં આવ્યું છે પરંતુ ખાલી જગ્યાનો આંકડો ૨૫૯૪ બતાવે છે. પંચાયત વિભાગ એવું કહી આશ્વાસન લઈ રહ્યો છે કે ખાલી જગ્યાઓ ટૂંકસમયમાં ભરવામાં આવશે પરંતુ વહીવટી અનુકૂળતા માટે સરકાર પાસે સમય મળતો નથી.

**● વિસ્તરણ અને વહીવટમાં ફેરફારને લીલીઝંડી**

ગુજરાતમાં આનંદીબહેન પટેલની સરકારની કેબિનેટના વિસ્તરણ અને વહીવટી તંત્રમાં ફેરફારને હાઈકમાન્ડે છેવટે લીલીઝંડી આપી દીધી છે તેથી ટૂંક સમયમાં આ બન્ને પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે. કેબિનેટમાં ચાર નવા ચહેરા સંભવિત છે, જેમાં એક મહિલાનો સમાવેશ થઈ શકે છે, બીજી તરફ પહેલાં ગુજરાત કેડરના ૨૩ ઓફિસર કે જેઓ આઈએએસમાં નોમિનેટ થયાં છે તેમને ઠેકાણે પાડવાના છે. બીજા રાઉન્ડમાં જિલ્લાના વહીવટી તંત્રનો વારો છે અને ત્રીજા તેમજ અંતિમ ચરણમાં સચિવાલયના વિભાગો તેમજ સરકારના જાહેર સાહસોમાં મોટાપાયે ઉથલ પાથલ આવી રહી છે. આ કાર્યવાહી માટે મોદી અને અમિત શાહની શરતી મંજૂરી મળી હોવાનું સચિવાલયમાં ચર્ચાઈ રહ્યું છે.